પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૬૨ | ૩ ડિસેમ્બર, ૨૦૧૮, સોમવાર; કારતક વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પેપર લીક થતા લોકરક્ષકની પરીક્ષા રદ

**પોણા નવ લાખ ઉમેદવારો પરીક્ષા આપે તે પહેલાં જ ભરતી બોર્ડના અધ્યક્ષે પરીક્ષા રદ થયાની જાહેરાત કરી : પેપરનાં જવાબોનુ લીસ્ટ ફરતુ થયુ હતુ : રાજ્યભરમાં અફડાતફડીનો માહોલ સર્જાયો : ઠેરઠેર સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર**

ગાંધીનગર, તા. ૨

લોકરક્ષકની સાડા છ હજાર જગ્યાઓ માટે આજે રાજ્યભરમાં ૨૯૦૦ કેન્દ્રો પર પરીક્ષા યોજાવાની હતી. લોકરક્ષકનું પેપર ત્રણ વાગે શરૂ થવાનું હતું તે પહેલાં જ સાડા બાર વાગ્યે પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ વિકાસ સહાયે પત્રકાર પરિષદ કરીને જાહેરાત કરી હતી કે પેપર લીક થઈ ગયું હોવાથી આ પરીક્ષા રદ કરવામાં આવે છે. તેની સાથે જ ઉમેદવારો અને તેના વાલીઓ ને પડેલી અગવડતા - તકલીફો બદલ અધિકારીએ માફી માગીને પેપર લીક કરનારા તત્વોને કોઈપણ ભોગે શોધી કાઢીને ખૂબ જ ઓછા સમયમાં પકડી પાડશે તેવી ખાતરી આપી હતી.

રાજ્યભરમાં પોણા નવ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપવા બેસવાના હતા. તમામ ઉમેદવારને પોતાના રહેણાંક વિસ્તારથી ૧૦૦ કિલોમીટરથી વધુ દુરનાં અંતરે પરીક્ષા સેન્ટર આવ્યું હતું. ઉમેદવારો પરીક્ષા સેન્ટર પહોંચ્યા ત્યારે જ પરીક્ષા રદ થયાના સમાચાર મળતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઉમેદવારો તથા તેમને લઈને આવેલા વાલીઓએ શાળાની બહાર જ સરકાર સામે સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ એડિશનલ ડીજીપી વિકાસ સહાય પત્રકાર પરિષદ યોજના જણાવ્યું હતું કે પેપર સેટ કરવાથી માંડીને પેપર ડિસ્ટ્રીબ્યુશન સહિતની તમામ કામગીરીમાં સંપૂર્ણ કાળજી રાખવામાં આવી હતી તેમ છતાં બાર વાગ્યાના અરસામાં તેમને ખુદને તે જ પ્રશ્નપત્રના જવાબ વાળી કોપી ફરતી થઇ હોવાની ફરિયાદ મળી હતી. આ બાબતને ગંભીરતાથી લઈને વિકાસ સહાયે જવાબ વાળી કોપી ચેક કરીને તાત્કાલિક આ મામલે સરકારનું ધ્યાન દોર્યું હતું અને સમગ્ર ભરતી રદ કરવાનો નિર્ણય લીધો હતો. પેપર લીક થવાની આ ઘટના બાદ તમામ જિલ્લાઓમાં પરીક્ષા કેન્દ્રોની બહાર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવા

● અનુસંધાન પાન-૭ પર





## ૧૦ દિવસમાં ઉમેદવારોને વળતર નહીં મળે તો હું આક્રમક બનીશ : શંકરસિંહ

**ગુજરાતમાં બેકારો માટે બેકારી ભથ્થુ જાહેર કરે સરકાર : પેપર લીકની તપાસ યોગ્ય રીતે થવી જોઈએ**

ગાંધીનગર,તા. ૨

રાજપા સરકારના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આજે પોતાના નિવાસસ્થાને પત્રકાર પરિષદ યોજી હતી. પોલીસમાં ભરતી માટેની પરીક્ષાનું પેપર ફૂટી જતાં તે વિષયને ધ્યાનમાં રાખીને વાઘેલાબાપુએ કહ્યું હતું કે ગુજરાતમાં છેલ્લાં ૨૨ વર્ષથી એક જ પાર્ટી ભાજપની સરકાર છે. પેપર ફોડવામાં ભાજપ સરકાની માસ્ટરી રહી છે. આ પોલીસનું જ પેપર ફૂટ્યું છે એવો એક જ બનાવ નથી. આ અગાઉ તલાટીની પરીક્ષા વખતે પેપર ફૂટી ગયું હતું અને પેપર ફોડનારાઓને ત્યાંથી નોટો ગણવાનું મશીન મળી આવ્યું હતું. જે ભાજપ સરકારના ભ્રષ્ટાચારનું મશીન કહી શકાય. પોલીસની ભરતી માટે પણ પેપર ફૂટી જવાની ઘટનાથી મને આઘાત લાગ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## લોકરક્ષક ભરતી પરીક્ષા ફરી લેવાશે ત્યારે ઉમેદવારોને આવવા જવાનો ખર્ચ રાજય સરકાર આપશે

**પેપર લીક થવાની ઘટનાના તાત્કાલિક તપાસના આદેશો ગૃહ વિભાગને મુખ્યમંત્રીએ આપ્યા : નિર્દોષ યુવાનોના ભાવિની ચિંતા કરી સંવેદના દર્શાવતા વિજયભાઈ રૂપાણી**

અમદાવાદ, તા. ૨

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જાહેર કર્યુ છે કે રાજયમાં આજે યોજાયેલી લોકરક્ષકની ભરતી માટેની પરીક્ષામાં પેપર લીક થવાથી પરીક્ષા રદ કરવામાં આવી છે.

આ પરીક્ષા હવે જ્યારે ફરીથી લેવામાં આવશે ત્યારે આજની પરીક્ષાના તમામ ઉમેદવારોને તેમના ઘરથી પરીક્ષા કેન્દ્ર સુધી આવવા - જવાનું એસ.ટી. બસ ભાડુ રાજય સરકાર તરફથી આપવામાં આવશે. મુખ્ય મંત્રીશ્રી એ લોક રક્ષક ભરતી પરીક્ષાનું પેપર લીક થવાની ઘટનાની તાત્કાલિક તપાસના આદેશ પણ આપ્યા છે.

તેમણે રાજ્યના નિર્દોષ યુવાનોનું ભાવિ ન બગડે તેની સંવેદના સાથે આ ઘટનામાં સંડોવાયેલા કસૂરવારો સામે સખતમાં સખત કાર્યવાહી કરવા પણ ગૃહ વિભાગને સ્પષ્ટ સુચના આપી છે.

## ખર્ચા કરીને આવે અને પરીક્ષા મોકુફ થાય તે સરકારની નિષ્ફળતા

**ભાજપના રાજમાં પોલીસનો પટાવાળાની જેમ સરકારી કાર્યક્રમમાં ઉપયોગ : ધાનાણી**

અમદાવાદ,તા. ૨

ગુજરાત કોંગ્રેસના પરેશ ધાનાણીએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, 'બીજેપીના શાસનમાં જ્યારે પોલીસનો પટ્ટાવાળા તરીકે સરકારી કાર્યક્રમોમાં ઉપયોગ થઈ રહ્યો છે, લોકોમાં ડરનો માહોલમાં જીવી રહ્યાં છે, ગુંડાઓ- માફીઓનું રાજ છે. તેમા પણ સરકાર દ્વારા લોકરક્ષક દળની જગ્યા ભરવાની વાત કરે ત્યારે રાજ્યોનો બેરોજગાર યુવાન લાઈનોમાં ઊભો રહીને પણ તે પદ મેળવવાની લાલસા કરે છે. ૩ હજારની ભરતી માટે જ્યારે ૯ લાખ બેરોજગાર યુવાનો પરીક્ષા આપવા આવે. તેમણે તે પણ કહ્યું કે, તેમાં પણ આવવા જવાનો ખર્યો, બે ત્રણ દિવસના રોજગાર પણ જતો કર્યો

● અનુસંધાન પાન-૭ પર

## ઉપેન્દ્ર કુશવાહ એનડીએ સાથે છેડો ફાડે તેવી પ્રબળ સંભાવના

**કુશવાહની વાત સાંભળવા એનડીએ હજુ તૈયાર નથી : કુશવાહની પાર્ટીના લોકોને પોતાની તરફેણમાં કરવા માટે જેડીયુ અને ભાજપના પ્રયાસ : છઠ્ઠી ડિસેમ્બરે બેઠક થશે**

નવી દિલ્હી, તા. ૨

કેન્દ્રીયમંત્રી અને એનડીએના સાથી ઉપેન્દ્ર કુશવાહે ભાજપ ઉપર આજે આકરા પ્રહારો કર્યા હતા.



ઉપેન્દ્ર કુશવાહે ભાજપ પ્રમુખ અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૩૦મી નવેમ્બર પહેલા મળવાનો સમય માંગ્યો હતો પરંતુ બંનેને મળવાની તક મળી નથી. સુત્રોના કહેવા મુજબ ભાજપે તેમની પાર્ટીને જે સીટની ઓફર કરી હતી તેમાંથી વધારે સીટ આપવાનો ઈન્કાર કરી દીધો છે. જેડીયુએ ભાજપને કહ્યું છે કે, તે ઉપેન્દ્ર કુશવાહેને વધારે તક આપશે નહીં. ઉપેન્દ્ર કુશવાહે ચેતવણી આપતા કહ્યું હતું કે, ૩૦મી નવેમ્બર સુધી બિહારમાં બેઠકોની વહેંચણીને લઈને ચિત્ર સ્પષ્ટ કરવામાં આવે. કારણ કે આનાથી આગળની રણનીતિ બનાવવામાં સરળતા પડશે. મળતી માહિતી મુજબ ઉપેન્દ્ર કુશવાહ હવે એનડીએ સાથે છેડો ફાડવાની જાહેરાત કરી શકે છે. છઠ્ઠી ડિસેમ્બરના દિવસે કુશવાહે પાર્ટીની મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે જેમાં એનડીએ સાથે છેડો ફાડવાની જાહેરાત તેઓ કરી શકે છે. સરકાર પાસેથી મંત્રી પદ છોડીને કુશવાહ પોતાની પાર્ટીના પ્રચારમાં લાગી શકે છે. હાલમાં કુશવાહ એચઆરડીમાં રાજ્યમંત્રી તરીકે છે. ભાજપ અને જેડીયુએ તેમની પાર્ટી રાષ્ટ્રીય લોકસમતા પાર્ટીના નેતાઓને પોતાની તરફેણમાં કરીને અલગ કરી દીધા છે. આરએલએસપીના ધારાસભ્ય અને સાંસદ જેડીયુ અને ભાજપના સંપર્કમાં છે. આનાથી કુશવાહની તાકાત ઓછી થઈ છે.

## જી-૨૦ શિખર સંમેલન ૨૦૨૨માં ભારતમાં યોજાશે

**આઝાદીના ૭૫ વર્ષના અવસરે તમારુ સ્વાગત છે : મોદીનું ટ્વિટ : ૨૦૨૨માં જી-૨૦ સંમેલનની યજમાની પહેલાં ઈટાલી પાસે હતી, પરંતુ તેને ભારતને અનુમતિ આપી દીધી**



બુએનોસ આઈરેસ, તા. ૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ૨૦૨૨ની સાલમાં ભારત ગ્રુપ-૨૦ (જી૨૦) દેશોનાં વડાઓનાં વાર્ષિક શિખર સંમેલનનું યજમાનપદ ભોગવશે. આર્જેન્ટિનાનાં બુએનોસ આઈરેસ શહેરમાં આયોજિત જી-૨૦ શિખર સંમેલનમાં શનિવારે મોદીએ જણાવ્યું હતું કે ૨૦૨૨નું વર્ષ ભારતનું આઝાદીનું ૭૫મું વર્ષ હશે અને એ રીતે વિશેષ વર્ષ હશે એટલે એ વર્ષમાં ભારતને ૪૨૦ સમિટના આયોજન મારફત વિશ્વને આમંત્રિત કરવાનું ગમશે.

મોદીએ એમ પણ કહ્યું કે એમણે ઈટાલીને વિનંતી કરી હતી કે તમે ૨૦૨૨ની સાલને બદલે ૨૦૨૧માં જી૨૦ સંમેલન યોજો તો અમે ૨૦૨૨માં આયોજન કરીએ. ઈટાલીએ મારી વિનંતીનો સ્વીકાર કર્યો છે, અન્ય દેશોએ પણ એનો સ્વીકાર કર્યો છે.

આમ, વડા પ્રધાન મોદીએ વિશ્વના ટોચના ૨૦ સમૃદ્ધ દેશોને ૨૦૨૨ની સાલમાં એમના વાર્ષિક શિખર સંમેલનમાં હાજરી આપવાનું અત્યારથી જ આમંત્રણ આપી દીધું છે.

પીએમ મોદીએ જાહેરાત કર્યા બાદ ટ્વીટ કર્યુ કે, વર્ષ ૨૦૨૨માં ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ વિશેષ વર્ષમાં ભારત જી-૨૦ શિખર સમ્મેલમાં વિશ્વનું સ્વાગત કરવાની આશા વ્યક્ત કરે છે. વિશ્વની સૌથી ઝડપી ઉભરતી સૌથી મોટી અર્થવ્યવસ્થા ભારતમાં આવે. ભારતના સમૃદ્ધ ઈતિહાસ અને વિવિધતા વિશે જાણો અને ભારતના અતિથ્યનો અનુભવ કરો.

દરમિયાન, દક્ષિણ આફ્રિકાના પ્રમુંખ સીરિલ રામફોસાએ આવતા વર્ષની ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિન ઉજવણી કાર્યક્રમ અને પરેડ કાર્યક્રમ દરમિયાન વિશેષ અતિથિ તરીકે હાજર રહેવાના ભારતે આપેલા આમંત્રણનો સ્વીકાર કર્યો છે.

## જી-૨૦ સમિટમાં આતંકવાદ સામે લડવા મોદીની હાકલ

**વિવિધ દેશોના પ્રમુખ સાથે મોદીની ત્રાસવાદ પર ચર્ચા : આર્જેન્ટીના, જર્મની, આફ્રિકાના લીડરો સાથે ચર્ચા : આતંકવાદથી લઇને વેપાર, મૂડીરોકાણ, કારોબાર સહિત વિવિધ મુદ્દા પર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા હાથ ધરાઈ**

બ્યુનસ આયર્સ, તા. ૨

જી-૨૦ સમિટના ભાગરુપે દ્વિપક્ષીય બેઠકોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્તરીતે વૈશ્વિક સમસ્યા બની ચુકેલા આતંકવાદનો સામનો કરવા પર ભાર મુક્યો તો. મિડિયા સાથે વાતચીત કરતા વિદેશ સચિવ વિજય ગોખલેએ કહ્યું હતું કે, યુરોપિયન કમિશનના પ્રમુખ જીન ક્લાઉડ, યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ ડોનાલ્ડ ટસ્ક અને જર્મન ચાન્સલર માર્કેલ સાથે બેઠકમાં મોદીએ આ મુદ્દા પર વિશેષરીતે વાત કરી હતી. આતંકવાદનો સામનો સંયુક્તરીતે કેવી રીતે કરી શકાય છે તે મુદ્દા પર મુખ્યરીતે ચર્ચા કરવામાં આવી હતી. મોદીએ આશા વ્યક્ત કરી હતી કે, યુરોપિયન સંઘના ડેટા નિયમો મુજબ ભારતીય કંપનીઓને પણ ડેટા પુરતા માટે સ્ટેટસ આપશે. યુરોપિયન યુનિયનના નવા નિયમ હાલમાં જ અમલી કરવામાં આવ્યા છે. વિદેશ સચિવે કહ્યું હતું કે, મોદીએ જર્મન ચાન્સલર માર્કેલ અને નેધરલેન્ડના વડાપ્રધાન માર્ક રુટ સાથે વાતચીત કરી હતી. માર્કેલ સાથેની વાતચીતમાં દ્વિપક્ષીય મુદ્દાઓની સાથે સાથે દુનિયાના મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી. બે મહત્વપૂર્ણ અર્થવ્યવસ્થા અને રાજનીતિક સંસ્થાઓ હોવાની સાથે સાથે બંને દેશોએ દ્વિપક્ષીય, બહુપક્ષીય અને યુએનના રોલને લઈને વાત કરી હતી. નેધરલેન્ડના વડાપ્રધાન સાથેની વાતચીતમાં મોદીએ વોટર મેનેજમેન્ટ અને ક્લાઈમેન્ટ ચેંજ જેવા મુદ્દાઓના સ્થાયી ઉકેલ માટે ટેકનોલોજીના વિષય ઉપર ચર્ચા કરી હતી. મોદીએ ડચ વડાપ્રધાનની સાથે ભારતમાં ૧૦૦ વોટર વે બનાવવાના પોતાના મહત્વકાંક્ષી પ્રોજેક્ટના સંદર્ભમાં ચર્ચા કરી હતી.



## હોકી વિશ્વકપમાં ભારત અને બેલ્જિયમ વચ્ચે મેચ ડ્રો

**ભારતીયોની શાનદાર રમત છતાં મેચ ડ્રો રહી : આફ્રિકાને કચડી દીધા બાદ બેલ્જિયમની સામે પણ ભારત જીતશે તેવી આશા હતી : હવે કેનેડા વિરૂદ્ધ ૮મીએ ટક્કર**

નવી દિલ્હી, તા. ૨

પુરુષોની હોકી વિશ્વકપની આજે રમાયેલી ભારત અને બેલ્જિયમ વચ્ચેની મેચ ૨-૨ ગોલથી બરોબર રહી હતી. આ અતિ રોમાંચક મેચમાં અંતિમ મિનિટોમાં ભારતીય ટીમે જોરદાર મુવ દર્શાવી હતી. ભારતને તક હતી પરંતુ રિવ્યુ યોગ્ય ગણવામાં આવ્યા ન હતા. ભારત તરફથી આજની મેચમાં જોરદાર રમત દર્શાવવામાં આવી હતી પરંતુ જીતવામાં સફળતા મળી ન હતી. બેલ્જિયમની ટીમે પણ જોરદાર રમત રમી હતી. ભારત તરફથી સિમરનજીતસિંહે ગોલ ફટકારીને ભારતને લીડ અપાવી હતી. બેલ્જિયમ તરફથી પણ શક્તિશાળી ભારત સામે ઉલ્લેખનીય રમત દર્શાવતા ભારતને તક મળી ન હતી. ભારત હવે ૮મી ડિસેમ્બરના દિવસે તેની અંતિમ પુલ સીની મેચમાં કેનેડા સામે ટકરાશે જ્યારે એજ દિવસે બેલ્જિયમ દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આજની મેચની મુખ્ય વિશેષતા ભારતીય ખેલાડીઓની શાનદાર રમત રહી હતી.

ગઈકાલે જર્મનીએ પુલ બીની મેચમાં પાકિસ્તાન ઉપર ૧-૦થી જીત મેળવી હતી. હોકી વિશ્વકપમાં પાકિસ્તાનને હરાવીને જર્મનીએ પોતાની સર્વોપરિતા દર્શાવી હતી. આ બંને ટીમો ૨૦૧૩ બાદથી વિશ્વકપમાં ત્રીજી વખત આમને સામને આવી હતી. ભારત અને બેલ્જિયમ વચ્ચેની આ મેચ સાંજે સાત વાગે શરૂ થઇ હતી. ભુવનેશ્વરમાં હાલમાં ચાલી રહેલા હોકી વિશ્વકપમાં ભારતીય ટીમ ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ભારતે પોતાની પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકા ઉપર શાનદાર જીત મેળવી હતી. ભારતને હજુ પણ આગામી દોરમાં પહોંચી જવા માટે તક રહેલી છે. પાકિસ્તાનની પાસે ગઈકાલની મેચમાં તક હતી પરંતુ તેના ખેલાડીઓ ગોલમાં તકને ફેરવવામાં નિષ્ફળ રહ્યા હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં સૌ પ્રથમવાર લાઈવ કાઠીયાવાડી
ઓળો-રોટલો, ભરેલ રીંગણા, આખી ડુંગળી વગેરે
ફક્ત 99 રૂ.માં અનલીમીટેડ 10+
100 % Veg.
બાગબાન રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ
A.C. Hall
ફ્રી હોમ ડીલીવરી
પંજાબી, ચાઈનીઝ, મેક્સિકન, પીઝા, ઢોસા, ભાજીપાઉ, કાઠીયાવાડી
ફીક્સ થાળી ૯૯ રૂ.
નાતાલ સ્પે. ૨૦% ડિસ્કાઉન્ટ (૩૧ ડિસેમ્બર સુધી)
Ideal PLACE for :
રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, બિઝનેસ મીટીંગ, કીટ્ટી પાર્ટી, સંગીત સંધ્યા
૧૨૯, સનરાઈઝ આર્કેડ, કુડાસણ સર્વિસ રોડ, નેક્સા શો-રૂમની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર
9687879887, 7359173894